જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૩/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૫૯૭/૧૭**

**સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનઃ**

સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજરોજ તા.૨૩/૩/૧૭ નારોજ સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગોતા હાઉસીંગ પ્રાથમિક શાળાના બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.









Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સરદારનગર પોલીસ સ્ટેશનઃ-</u>**

આજરોજ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા ના.પો.કમિશ્રી. ઝોન-૪ સા.તથા મ.પો.કમિ.શ્રી જી ડીવી.સા. નાઓની સુચનાથી અમો તથા પો.સ.ઇ. પી.જે.ખરસાણ તથા પો.સ.ઇ કે.એમ.ચૌધરી તથા પો.કો ક્રીપાલસિંહ અનવરસિંહ બ.ન. ૨૭૯૨ તથા પો.કો હાવેશભાઇ ખોડાભાઇ બનં ૪૯૩૦ તથા પો.કો જીતુભાઇ અળખાભાઇ બ.ન. ૨૫૪૦ તથા પો.કો પ્રવિણસીંહ દેવેન્દ્રસીંહ બનં. ૨૦૮૯ તથા પો.કો. સંદીપસીંહ કોદરસીંહ બનં. ૩૫૦૩ તથા પો.કો શકિતસીંહ લાલુભા બનં ૩૧૨૯ તથા પો.કો. વદેસીંહ જુઠાજી બનં. ૪૧૬૪ તથા બીજા સ્ટાફના માણસો કુબેરનગર ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન કલાક ૦૦/૦૫ વાગે કુબેરનગર રેલ્વે ક્રોસીંગ પાસે આવતા અમોને બાતમી હકીકત મળેલ કે કુબેરનગર છારાનગર રોડ જતીન ફાઇ સેન્ટરની બાજુમા આવેલ બંધ મકાનના ખુલ્લા ધાબા ઉપર ઇલેક્સ્ટ્રીક લાઇટના અંજવાળા નીચે કેટલાક ઇસમો ગોળ કુંડાળુ વળી હાર જીતનો જન્ના મન્ના નો જુગાર રમી રમાડે છે. વીગેરે બાતમી હકીકત આધારે પંચો સાથે રેડ કરતા (૧) અમીત મનોહરલાલ નાધાણી ઉવ ૩૦ રહે. મન. ૧૫ મહારથી સોસા. હનુમાન મંદીરની સામે સરદારનગર અમદાવાદ + ૮ = ૯ ઇસમોને પકડી અંગજડતીના નાણા રૂપીયા ૬,૪૭૦/- મળી આવેલ તથા દાવના નાણા ૭,૮૭૦/- તથા મોબાઇલ નંગ ૪ કિ રૂ ૧૩,૩૦૦/- મળી <u>કુલ્લે રૂપીયા ૨૭,૬૪૦/-</u> નો મુદ્દામાલ કબજે કરી સદરી ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જુગાર ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)